# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૧૭-૧૮/ ૧૭૨૬-૧૮૯૧ તારીખ:-૨૧/૧૧/૨૦૧૭

## " D.El.Ed.- 1 (NEW COURSE) અને D.El.Ed.- 2 (NEW & OLD COURSE) પરીક્ષા- ૨૦૧૮ "

<u>જાહેરનામું :</u>

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં ડી.એલ.એડ. અભ્યાસક્રમનાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં નિયમિત અભ્યાસ કરતાં તાલીમાર્થીઓની વાર્ષિક લેખિત પરીક્ષા આગામી એપ્રિલ- ૨૦૧૮ માં યોજવાની થાય છે. આ તાલીમાર્થીઓની પ્રથમ તબકકામાં બાહ્ય પ્રાયોગિક પરીક્ષા ફેબ્રુઆરી-૨૦૧૮ માં અને બીજા તબકકામાં બાહ્ય લેખિત પરીક્ષા એપ્રિલ -૨૦૧૮ માં રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે. આ પરીક્ષા સાથે D.El.Ed.- 2 (OLD COURSE) નાં અગાઉની પરિક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારોની પરીક્ષા પણ યોજવામાં આવશે.

**<u>ડી.એલ.એડનો નવો અભ્યાસક્રમ જુન- ૨૦૧૫થી અમલમાં આવેલ છે. NCTE નોર્મ્સ મુજબ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે પ્રવેશ મેળવ્યા તારીખથી ત્રણ વર્ષમાં આ અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહે છે. જે અનુસાર જુન- ૨૦૧૫ થી અને ત્યાર પછીના દર વર્ષે ડી.એલ.એડ પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ પવેશ લીધા તારીખ થી ત્રણ વર્ષ સુધી માં ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ ની પરીક્ષા પાસ કરી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો હોય છે. આ અંગેની તાલીમાર્થીઓને જાણ કરવાની જવાબદારી સંબધિત સંસ્થાઓની રહે છે.</u>**

**<u>ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ જૂના અભ્યાસક્રમમાં અગાઉ ઉત્તિર્ણ ન થયેલા હોય તેવા ઉમેદવારો માટે પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની આ છેલ્લી તક છે. જેથી આવા ઉમેદવારોને આ પરીક્ષાનાં જાહેરનામાં તથા આ છેલ્લી તક હોવા અંગેની જાણ કરવાની જવાબદારી સંબધિત સંસ્થાની રહે છે જેની ખાસ નોંધ લેવી.</u>**

આ પરીક્ષા માટેના ઉમેદવારોના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ **પર <u>તા: ૦૧/૧૨/૨૦૧૭ (બપોરના ૧૪.૦૦ કલાક) થી તા: ૧૧/૧૨/૨૦૧૭ (બપોરના ૧૭.૦૦ કલાક સુધી)</u>** ઓનલાઇન ભરવાના રહેશે. સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા જરૂરી સૂચના નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૧/૧૧/૨૦૧૭ |
| ૨ | રા.પ.બો. દ્વારા જાહેરનામું E-mail થી તમામ DIET ને મોકલવાની તારીખ | ૨૧/૧૧/૨૦૧૭ |
| 3 | DIET દ્વારા જાહેરનામું સંબધિત સંસ્થાઓ ને E-mail થી મોકલવાની તારીખ | ૨૨/૧૧/૨૦૧૭ |
| ૪ | વેબસાઇટ પર સંસ્થાની વિગતો અને સ્ટાફ પ્રોફાઈલની ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૨૩/૧૧/૨૦૧૭ થી 30/૧૧/૨૦૧૭ |
| ૫ | વેબસાઇટ પર સંસ્થા દ્વારા ઉમેદવારોનાં આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૧/૧૨/૨૦૧૭ થી ૧૧/૧૨/૨૦૧૭ |
| ૬ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૦૧/૧૨/૧૭ થી ૧૨/૧૨/૨૦૧૭ |
| ૭ | સંસ્થાઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રોની પૂરેપૂરી ચકાસણી કરી સંસ્થા દ્વારા ઓનલાઇન ક્ષતિ પૂર્તિ કરવાનો સમયગાળો | ૧૩/૧૨/૧૭ થી ૧૬/૧૨/૧૭ |
| ૮ | સંસ્થાના દ્વારા ભરાયેલા આવેદનપત્રોની હાર્ડકોપી અને સોફ્ટકોપી સંસ્થા દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાનો સમયગાળો(બોર્ડ ફાળવેલ તારીખ મુજબ) | ૨૧/૧૨/૨૦૧૭ થી ૨૩/૧૨/૨૦૧૭ |
| ૯ | DIET દ્વારા બોર્ડ પાસેથી સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો મેળવી લેવાની તારીખ | ૧૭/૦૧/૨૦૧૮ |
| ૧૦ | સંસ્થાઓ દ્વારા DIET પાસેથી સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો મેળવી લેવાની તારીખ | ૧૮/૦૧/૨૦૧૮ |
| ૧૧ | તાલીમી સંસ્થા/કોલેજ કક્ષાએ લેવાતી તમામ બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનો સમયગાળો | ૦૫/૦૨/૧૮ થી ૧૦/૦૨/૧૮ |
| ૧૨ | **<u>દરેક તાલીમી સંસ્થાઓએ</u>** બાહ્ય પ્રાયોગિક પરીક્ષા ટી.એલ.એમ, સ્વા. અને શા, શિ., ચિત્ર , સંગીત વાર્ષિકપાઠ તેમજ કમ્પ્યુટર પરીક્ષાના પરીક્ષકો દ્વારા તૈયાર થયેલ ગુણપત્રકો (અંતિમ ગુણ પત્રકો)નાં સીલબંધ કવર્સ **<u>સંબધિત ડાયટના પ્રાચાર્યશ્રીને રૂબરૂ જમા કરવાનો સમયગાળો</u>** | પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે (છેલ્લી તારીખ :- ૧૨/૦૨/૨૦૧૮) |

| | | |
|---|---|---|
| ૧૩ | **દરેક તાલીમી સંસ્થાઓએ** બાહ્ય પ્રાયોગિક પરીક્ષા ટી.એલ.એમ, સ્વા. અને શાશિ. ચિત્ર, સંગીત વાર્ષિકપાઠ તેમજ કમ્પ્યુટર પરીક્ષાના પરીક્ષકો દ્વારા તૈયાર થયેલ ગુણપત્રકો (બાહ્ય પરીક્ષક+આંતરીક પરીક્ષક+એકંદરી પત્રક) સીલબંધ કવર્સ **રા.પ.બો., ગાંધીનગરમાં રૂબરૂ જમા કરવાનો સમયગાળો (બોર્ડે ફાળવેલ તારીખ મુજબ)** | તા.૧૪/૦૨/૨૦૧૮ થી ૧૬/૦૨/૨૦૧૮ |
| ૧૪ | **દરેક તાલીમી સંસ્થાઓએ** સંસ્થા દ્વારા લેવાતી તમામ આંતરિક પરીક્ષાના ગુણપત્રકોનાં સીલબંધ કવર્સ સંસ્થાએ **DIET માં જમા કરાવવાની તારીખ**. | ૧૨/૦૩/૨૦૧૮ |
| ૧૫ | **દરેક તાલીમી સંસ્થાઓએ** સંસ્થા દ્વારા લેવાતી તમામ આંતરિક પરીક્ષાના ગુણપત્રકોનાં સીલબંધ કવર્સ **સંસ્થાએ રા.પ.બો., ગાંધીનગરમાં જમા કરવાનો સમયગાળો (પત્રક ૧.૦ તથા ૮.૦) (બોર્ડે ફાળવેલ તારીખ મુજબ)** | ૧૩/૦૩/૨૦૧૮ અને ૧૫/૦૩/૨૦૧૮ |
| ૧૬ | બાહ્ય પરીક્ષા/આંતરિક પરીક્ષાના ગુણપત્રકોની DIET દ્વારા ઓનલાઇન એન્ટ્રી કરવાનો સમયગાળો | ૧૩/૦૩/૨૦૧૮ થી ૧૫/૦૩/૨૦૧૮ |
| ૧૭ | સંસ્થાઓએ ઓનલાઇન હોલ ટીકીટ ડાઉન લોડ કરવાનો સમયગાળો | ૧૦/૦૪/૨૦૧૮ થી ૧૬/૦૪/૨૦૧૮ |
| ૧૮ | લેખિત પરીક્ષાનો સમયગાળો | ૧૬/૦૪/૨૦૧૮ થી ૨૭/૦૪/૨૦૧૮ |

❖ ઉમેદવારની લાયકાત :

1. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કેન્દ્રિયકૃત પ્રવેશ પ્રકિયાથી NCTE માન્યતા પ્રાપ્ત ડી.એલ.એડ સંસ્થામાં પ્રવેશ મેળવેલો હોય અને અભ્યાસ ચાલુ હોય તેવા ઉમેદવારો
2. જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે સંબધિત સંસ્થા દ્વારા ઉમેદવારોની રજીસ્ટ્રેશન ફી અને સંસ્થાની સંલગ્નતા ફી રાજય પરીક્ષા બોર્ડમાં જમા કરાવેલ હોય.
3. NCTEનાં નોર્મ્સ અને GCERT દ્વારા નિયત થયેલ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦ શૈક્ષણિક કાર્યદિવસ હાજર રહી અભ્યાસક્રમ પૂર્ણ કરેલો હોય તેવા જ ઉમેદવારો. જો કોઇ ઉમેદવારોની હાજરી ૨૦૦ કાર્યદિવસ કરતા ઓછી હોવા છતાં સંસ્થા ફોર્મ ભરાવશે તો તેવી સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
4. પ્રાથમિક અધ્યાપન મંદિર નાની દમણના પ્રવેશ આપેલ તાલીમાર્થીઓની યાદી ઉપર કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર કરાવવા ફરજીયાત છે અને આવેદનપત્રો સાથે આ યાદી ફરજીયાત રજૂ કરવાની રહેશે.
5. સ્વનિર્ભર ડી.એલ.એડ સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટા ના પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મંજૂર કરેલ યાદી સાથે મોકલવાની રહેશે.

❖ **પ્રશ્નપત્રોનું માધ્યમ :**

પ્રશ્નપત્રોનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

❖ પરીક્ષાનાં પ્રશ્નપત્રો :

- તમામ પ્રશ્નપત્રો વર્ણાનાત્મક સ્વરૂપના રહેશે.
- તમામ પ્રશ્નપત્રો ના ઉત્તરો ઉત્તરવહી માં જ આપવાના રહેશે.
- જે પ્રશ્ન પેપર / કોર્ષ મા વિભાગ A અને B છે તે પ્રશ્ન પેપર ૭૦ ગુણનું સળંગ રહેશે.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

ઓનલાઈન અરજી કરવાની વિગતો આ સાથે અલગ પરિષ્ટ થી સામેલ રાખેલ છે

❖ ફી ભરવાની રીત:

પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપની પ્રિન્ટ મેળવીને, આ ચલણ મારફત નજીકની કોઈ પણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે. ચલણની ત્રણેય નકલ પર પોસ્ટ ઓફિસ દ્વારા તારીખ અને સિક્કો લગાવી આપવામાં આવશે. જેમાથી ૨ નકલ સંસ્થા/ઉમેદવાર ને પોસ્ટ ઓફિસ દ્વારા પરત કરવામાં આવશે. આ ૨ નકલ માંથી ૧ નકલ સંસ્થા ખાતે રાખવાની રહેશે. અને SEBના ચલણની નકલ ઉપર સંસ્થાએ પોતાની સંસ્થાના નામનો સિક્કો લગાવીને રા.પ.બો ને ફાઈલ નંબર- ૩ માં સુચના મુજબ આવેદનપત્ર ની નકલ સાથે બીડવાની રહેશે.

❖ પરીક્ષા ફી :

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નકકી થયેલ પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ની વિગતો આ મુજબ રહેશે.

| ક્રમ | વિગત | ફી રૂપિયા |
|---|---|---|
| ૧ | ઓન લાઇન આવેદનપત્ર ફી | ૨૫/- |
| ૨ | નિયમિત તાલીમાર્થીઓની પરીક્ષા ફી | ૨૫૦/- |
| ૩ | ગુણપત્રક ફી | ૫૦/- |
| ૪ | પ્રમાણપત્ર ફી (માત્ર ડી.એલ.એડ બીજા વર્ષ માટે ) | ૫૦/- |
| ૫ | માઇગ્રેશન સર્ટીફીકેટ ફી (માત્ર ડી.એલ.એડ બીજા વર્ષ માટે ) | ૫૦/- |
| ૬ | પુનરાવર્તિત એક વિષય દીઠ (માત્ર રીપીટર પરીક્ષાર્થી માટે) | ૫૦/- |
| ૭ | રીચેકીંગ ફી એક વિષય દીઠ | ૧૦૦/- |
| ૮ | ગુણપત્રક, પ્રમાણપત્ર,માઇગ્રેશન સર્ટી, પૈકી કોઇપણ પ્રમાણપત્ર માં એક સુધારાદીઠ | ૧૦૦/- |
| ૯ | પોસ્ટ ઓફીસ ખાતેનો સર્વિસ ચાર્જ | ૧૨/- |
| * | **ડી.એલ.એડ.પ્રથમ વર્ષ નિયમિત વિદ્યાર્થીઓ માટે:- ૩૨૫+૧૨** | **૩૩૭/-** |
| * | **ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ નિયમિત વિદ્યાર્થીઓ માટે:- ૪૨૫+૧૨** | **૪૩૭/-** |

**નોંધ:-**

**ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફી ના ધોરણો કરતા પરીક્ષા ફી ના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફી ની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.**

❖ **સંસ્થાએ રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો વિગતો :-**

(A) ફાઈલ નંબર: ૧ માં સામેલ રાખવાના આધારો:

1. નીચેના ફોર્મેટ માં સંસ્થાનો ફોર્વર્ડીંગ લેટર.

| ક્રમ | પરીક્ષા | માધ્યમ | ભાઇઓ | | | | | બહેનો | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | SC | ST | SEBC | GEN | કુલ | SC | ST | SEBC | GEN | કુલ | |
| ૧ | ડી.એલ.એડ-પ્રથમ વર્ષ ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | | | | | | | |
| ૨ | ડી.એલ.એડ-પ્રથમવર્ષ ન્યુ કોર્ષ પુનરાવર્તિત (રીપીટર) સંખ્યા | | | | | | | | | | | | |
| ૩ | ડી.એલ.એડ-દ્વિતીય વર્ષ ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | | | | | | | |
| ૪ | ડી.એલ.એડ-દ્વિતીય વર્ષ ન્યુ કોર્ષ પુનરાવર્તિત (રીપીટર) સંખ્યા | | | | | | | | | | | | |
| ૫ | ડી.એલ.એડ-દ્વિતીય વર્ષ જૂનોકોર્ષ પુનરાવર્તિત (રીપીટર) સંખ્યા | | | | | | | | | | | | |
| કુલ સંખ્યા | | | | | | | | | | | | | |

2. **સંસ્થાએ બોર્ડમાં ડી.ડી. ટ્રાન્ઝિકશનથી જમા કરાવેલ રજીસ્ટ્રેશન ફી વિગતો નીચેના ફોર્મેટમાં દર્શાવવી.**

| ફી | બેંકનું નામ | શાખા | તારીખ | ટ્રાન્ઝિકશન નંબર | ફીની રકમ | કોલેજ કોડ |
|---|---|---|---|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | | | | | |
| સંલગ્નતા ફી | | | | | | |

3. નીચે દર્શાવેલ વિગત અનુસાર વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી( હાર્ડકોપી તથા સોફ્ટ કોપી)

( આ યાદી : અટક+ વિદ્યાર્થીનું નામ + વિદ્યાર્થીના પિતાનું નામ આલ્ફાબેટીકલ ઓર્ડરમાં તૈયાર કરવી )

- D.EL.ED.-1 ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની યાદી
- D.EL.ED.-1 ન્યુ કોર્ષ પુનરાવર્તિત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી
- D.EL.ED.-1 ન્યુ કોર્ષ ATKT વિદ્યાર્થીઓની યાદી
- D.EL.ED.-2 ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની યાદી
- D.EL.ED.-2 ન્યુ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી
- D.EL.ED.-2 ઓલ્ડ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી

ઉપરોક્ત યાદીની ચેક કરેલી સોફ્ટ કોપી( C.D.) તથા હાર્ડ કોપી મુકવી. C.D. ઉપર સંસ્થાનું નામ અને કોડ નંબર લખવો.

(B) <u>ફાઈલ નંબર: ૨ માં સામેલ રાખવાનાં આધારો:</u>

ફાઈલ નં ૧ માં દર્શાવેલ અલગ-અલગ યાદી મુજબના વિદ્યાર્થીના ઓનલાઈન ભરેલા **<u>અસલ આવેદન પત્રો</u>** પર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી ઉપરોક્ત ક્રમ (A)3 મુજબ સેપરેટર પાના સાથે વર્ષ વાઈઝ અલગ-અલગ ફાઈલમાં ફાઈલીંગ કરીને ફાઈલની ઉપર નીચે દર્શાવેલ ફોર્મેટ વાળા પત્રકની વિગતો ભરીને લગાડવું (પેસ્ટ કરવું).

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કોલેજ કોડ | |
| ૨ | કોલેજ નું નામ | |
| ૩ | કોલેજ નું સરનામું | |
| ૪ | કોલેજ જિલ્લો | |
| ૫ | સંબધિત ડાયટ | |
| ૬ | કોલેજ આચાર્યશ્રીનું નામ | |
| | આચાર્યશ્રીનો મોબાઈલ નં. | |
| ૭ | સંસ્થાનો ટેલીફોન નંબર | (STD CODE) (PHONE NUM) |
| ૮ | આવેદનપત્રોની સંખ્યા | |
| ૯ | માધ્યમ | |
| ૧૦ | ફાઈલ નંબર | |

(C) <u>ફાઈલ નંબર: ૩ માં સામેલ રાખવાના આધારો:-</u>

1) સંસ્થાના આચાર્યશ્રીના સહી-સિક્કા કરેલ ઓનલાઇન ભરેલા આવેદનપત્રની નકલ
2) ધોરણ -૧૨ ની માર્કશીટની નકલ
3) ડી.એલ.એડ. પ્રથમ વર્ષના (તમામ પ્રયત્નોની) માર્કશીટની નકલ (દ્વિતીય વર્ષના તમામ ઉમેદવારો માટે)
4) ડી.એલ.એડ. દ્વિતીય વર્ષના (તમામ પ્રયત્નોની) માર્કશીટની નકલ (દ્વિતીય વર્ષના પુનરાવર્તિત ઉમેદવારો માટે)
5) ફી ભર્યાના <u>SEB</u> ચલણની નકલ
6) પ્રા.શિ..નિ.ની કચેરી દ્વારા ડી.એલ.એડ. પ્રથમ વર્ષમાં આપવામાં આવેલ પ્રવેશપત્રની નકલ
7) સ્વનિર્ભર ડી.એલ.એડ. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂર થયેલ યાદી

( વિદ્યાર્થીઓનીયાદી અનુસાર વિદ્યાર્થી દીઠ ઉપરોક્ત ૧ થી ૭ ક્રમમાં આધારો ગોઠવી સ્ટેપલર પીનથી સ્ટીચ કરી ફાઈલ કરવા )

❖ <u>સંસ્થાના આચાર્યશ્રીએ કાળજી પૂર્વક કરવાની કાર્યવાહી:</u>

- આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત તથા રીપીટર વિદ્યાર્થીઓને કરવી.
- સંસ્થાના નિયમિત/પુનરાવર્તિત વિદ્યાર્થીઓને પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

- વિદ્યાર્થીઓ એ ઓનલાઇન ભરેલા આવેદનપત્રની સાથે ચલણની પ્રિન્ટ કાઢી તેમાં દર્શાવેલ ફીની રકમ કમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફીસ ખાતે તારીખ **૦૧/૧૨/૨૦૧૭ થી ૧૨/૧૨/૨૦૧૭** સુધીના સમયગાળા દરમ્યાન ભરવાની રહેશે. તેની પહોચની નકલ આવેદનપત્ર સાથે બીડવાની રહેશે.
- વિદ્યાર્થીઓ/કોલેજો એ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની તમામ વિગતોની પૂરેપૂરી ચકાસણી કરતા જો કોઇપણ પ્રકારની ભૂલ જણાય તો સંસ્થાના આચાર્ય દ્વારા જ તા. **૧૩/૧૨/૧૭ થી ૧૬/૧૨/૧૭** ના સમયગાળા દરમ્યાન ઓનલાઇન સુધારો કરવાનો રહેશે.
- ઓનલાઈન સુધારો કરવા માટે સંસ્થાને અત્રેથી યુઝર આઈ.ડી અને પાસવર્ડ આપવામાં આવશે. જે આધારે ઓનલાઇન ભરેલા આવેદનપત્ર ભરતી વખતે વિદ્યાર્થીને ફાળવેલ CONFIRMATION નંબર તથા વિદ્યાર્થી ની જન્મતારીખ નાખી ને સુધારો કરવો.
- આચાર્યશ્રીએ પોતાના જ પુનરાવર્તિત વિદ્યાર્થીના મુક્તિના વિષયો ની પૂરેપૂરી ચકાસણી કરી આવેદનપત્ર ભરાવવા તથા આવા ઉમેદવારોના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલો મોકલવાની રહેશે.
- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો ની તમામ વિગતો ની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તથા સંસ્થાઓમાં આવેલા તમામ આવેદનપત્રોની સોફ્ટકોપી (સી.ડી.) તથા હાર્ડકોપી તા: ૨૧/૧૨/૧૭ થી ૨૩/૧૨/૨૦૧૭ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે. (દરેક જિલ્લાએ જે તે ફાળવેલ તારીખેજ આવવાનું રહેશે.)
- ડી.એલ.એડ પ્રથમ / દ્વિતીય વર્ષની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત વાર્ષિકપાઠ, કમ્પ્યુટર પરીક્ષા, બાહ્ય પરીક્ષા માટે પરીક્ષાર્થીઓને સમયસર હાજર રાખવા તેમજ તે અંગેનું હાજરી પત્રક નિભાવવું.
- DIET દ્વારા ફાળવવામાં આવેલ સીટનંબર મેળવી લેવા, તથા સંસ્થાના આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકનપત્રકો પર સીટનંબર સાથે જરૂરી વિગતો ભરીને સંસ્થાના પરીક્ષાર્થીઓના મૂલ્યાંકન પત્રકો પર આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા સંસ્થાનો સિક્કો લગાવીને સહી કરે મોબાઈલ નંબર લખવાનો રહેશે.
- સંસ્થાના આચાર્યશ્રી દ્વારા (ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષ ની ટી.એલ.એમ,સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત વાર્ષિકપાઠ તથા કમ્પ્યુટર) પરીક્ષા પૈકી જે તે પરીક્ષાના ગેરહાજર રહેલ પરીક્ષાર્થીની લાલ શાહી નોંધ આંતરિક પરીક્ષકશ્રી અને બાહ્યપરીક્ષકશ્રીના તેમજ એંકન્દરી પત્રક (૨.૧; ૨.૨; ૨.૩; ૩.૧; ૩.૨; ૩.૩; ૪.૧; ૪.૨; ૪.૩; ૫.૧; ૫.૨; ૫.૩; ૬.૧; ૬.૨; ૬.૩; ૭.૧; ૭.૨; ૭.૩) અને મુખ્ય મૂલ્યાંકન પત્રક(૨.૦, ૩.૦, ૪૦, ૫.૦, ૬.૦, ૭.૦) પર લખેલા સીટ નંબર સામે “ABSENT” ગુણાકન પહેલાં લખવું અને નીચે દર્શાવેલા ખાના માં ગેરહાજર પરીક્ષાર્થીઓના સીટ નંબરની નોંધ લાલ શાહીથી સંસ્થાના આચાર્યશ્રીએ પોતે જ પરીક્ષા શરૂ થયા પહેલા કરીને પરીક્ષકોને ગુણાંકન માટે આપવા, પરીક્ષા પૂરી થયા બાદ તરત જ જે તે પરીક્ષક દ્વારા જ બોર્ડની સુચના મુજબના કવરમાં સીલ બંધ કરાવીને કવર પર પરીક્ષકની સહી અચુક કરાવવી.
- સંસ્થાના આચાર્યશ્રી દ્વારા ગેરહાજર રહેલા પરીક્ષાર્થીઓના બેઠક નંબર, તથા કોઇપણ પરીક્ષાર્થી ગેરહાજર રહેલ ન હોય તો NILL ABSENT ની નોંધ નિયત નમૂનાના બે પત્રકમાં કરી એક કોપી સંબધિત DIET માં રૂબરૂમાં મોડામાં મોડા તા. ૧૨/૦૨/૨૦૧૮ સુધીમાં તથા બીજી કોપી અત્રેની કચેરીમાં તા.૧૪/૦૨/૨૦૧૮ થી ૧૬/૦૨/૨૦૧૮ દરમિયાન જિલ્લાને ફાળવેલ તારીખ મુજબ ગુણપત્રકોની સાથે જ મોકલાવવાની રહેશે.
- ડી.એલ.એડ.સંસ્થાઓના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓએ ભરેલા આવેદનપત્રો, જરૂરી આધારો સાથે તથા **Times New Roman font** માં **Excel Sheet** માં **તૈયાર કરેલ (સી.ડી.) પર કોલેજનું નામ/ કોલેજ કોડ** માર્કર પેન થી લખી રા.પ.બોર્ડમાં નિયત સમયમાં જમા કરાવવાની રહેશે.
- **પુનરાવર્તિત (રીપીટર) ઉમેદવારે તેમજ D.El.Ed. પ્રથમ વર્ષ ATKT ના વિદ્યાર્થીઓએ ભરેલા આવેદનપત્રોમાં જે વિષયોની અગાઉના રીઝલ્ટમાં નાપાસ થયેલા વિષયોની જ પરીક્ષા આપવા માટે પસંદ કરાયા છે કે નહિં તેની ખાસ ખાતરી કરવી. જો વિદ્યાર્થી પાસ કરેલા વિષયની પસંદગી કરશે તો તેનુ પરીક્ષા ફોર્મ રદ્દ કરવામાં આવશે. આ બાબતની કોઈપણ રજુઆત બોર્ડમાં આવશે તો સંબધિત આચાર્ય સામે કાર્યવાહી કરવામાં આવશે.**

❖ <u>પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કરવાની કાર્યવાહી:</u>

- <u>જિલ્લા શિક્ષણ તાલીમ ભવને</u> પોતાના તાબામાં આવતી તમામ તાલીમી સંસ્થાઓને જાહેરનામું E-mail દ્વારા મોકલવું.
- જે કોલેજો બંધ થઈ ગયેલ હોય તે કોલેજો ના નાપાસ તાલીમાર્થીઓના આવેદનપત્રો સંબધિત ડાયટ (જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ) દ્વારા ભરવાના રહેશે. તથા તે ઉમેદવારો પાસેથી કોલેજ બંધ થઈ ગયેલ છે તેવું એફિડેવિટ લેવું જેની અસલ કોપી ડાયટ પાસે રાખવી, અને નકલ આવેદનપત્ર સાથે બીડવી.
- રાજય પરીક્ષા બોર્ડ પાસેથી ડી.એલ.એડ.ના પરીક્ષાર્થીઓને ફાળવવામાં આવેલ સીટનંબર અને આંતરિક તથા પ્રાયોગિક મૂલ્યાંકન પત્રકો મેળવીને સંસ્થઓને મોકલાવવા તેમજ પોતાના તાબામાં આવતી તમામ.સંસ્થાઓની (ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ , સંગીત, વાર્ષિકપાઠ ,કમ્પ્યુટર ) બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનું આયોજન,પરીક્ષા કાર્યક્રમ, પરીક્ષકો ની નિમણૂક વગેરે નું સંચાલન કરવું.
- (ડી.એલ.એડ પ્રથમ / દ્વિતીય વર્ષની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ ,સંગીત, વાર્ષિકપાઠ, કમ્પ્યુટર પરીક્ષા) માં બાહ્યપરીક્ષક તરીકે ડાયટના સંબધિત અધ્યાપક અને પરીક્ષા કેન્દ્રની નજીકની ગ્રાન્ટેડ ડી.એલ.એડ કોલેજના સંબધિત અધ્યાપકની બાહ્ય પરીક્ષક તરીકે નિમણૂંક કરવી .જ્યારે આંતરિક પરીક્ષક તરીકે જે તે કોલેજના સિનિયર તેમજ સંબધિત વિષયના અધ્યાપકની નિમણૂંક સંસ્થાના આચાર્યશ્રી દ્વારા કરાવવી.
- **<u>ડાયટનાં પ્રાચાર્યશ્રીએ પરીક્ષકની નિમણુંક કરતી વખતે સરકારી નાણાનો દુરપયોગ ના થાય તેમજ નાણાકીય ઔચિત્યનાં નિયમો ધ્યાને રાખી પરીક્ષકનાં ભાડા-ભથ્થાનું ચુકવણું ઓછામાં ઓછું રહે તેની કાળજી રાખવી.</u>**
- પરીક્ષકોના મહેનતાણાની નિયમો અનુસાર ચુકવણી કરીને હિસાબની ફાઈલ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે પરીક્ષા પૂર્ણ થયાના ૧૦ દિવસમાં અચુક મોકલી આપવી. જેથી આપેલ એડવાન્સની ફાઈલ સમય મર્યાદામાં સરભર કરી શકાય.
- બાહ્ય પરીક્ષાના ગુણની ઓનલાઇન એન્ટ્રી કરવા રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર યુઝર નેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરવાની થશે.
- સંસ્થાનાં આચાર્યશ્રી દ્વારા જમા કરાયેલા સદર પરીક્ષાના નિયત મૂલ્યાકન પત્રકોને એકત્રિત કરીને જરૂરી ખરાઈ કરીને બોર્ડની સૂચના મુજબ ગુણની ઓન લાઇન એન્ટ્રી કરવાની થશે.

❖ <u>અગત્યની સુચનાઓ</u>:-

1) ઉમેદવાર કે સંસ્થા દ્વારા ઓનલાઈન એન્ટ્રી કર્યા વગર આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં તો તે રદ ગણવામાં આવશે.
2) આવેદનપત્રો ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. ઉમેદવારે/સંસ્થાએ આવેદનપત્ર ભરતી વખતે નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પૂરી ચોકસાઈ રાખવી.
3) અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
4) <u>પાસીંગ ગુણ:-</u>

   (a) તમામ વિદ્યાર્થીઓ માટે આંતરીક તેમજ બાહ્ય પરીક્ષા પૈકી લેખીત તેમજ પ્રાયોગિક પરીક્ષાના દરેક વિષયમાં **૫૦% કે તેથી વધુ** ગુણ મેળવનાર વિદ્યાર્થી **પાસ** ગણાશે.

   (b) માત્ર લેખિત વાર્ષિક પરીક્ષામાં **૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ** પરંતુ **વધુમાં વધુ ૧૫ ગુણ** અને વધુમાં વધુ **બે વિષય** માં જ આ **કૃપાગુણ** નો લાભ મળી શકશે.

   (c) તમામ વિદ્યાર્થીઓ માટે આંતરીક તેમજ બાહ્ય પરીક્ષા પૈકી લેખીત તેમજ પ્રાયોગિક પરીક્ષાના દરેક વિષયમાં **૫૦% થી ઓછા** હશે તો તે વિદ્યાર્થી **નાપાસ** ગણાશે.

5) <u>ગેરરીતિ કેસ</u>: ગેરરીતિ કેસ વાળા ઉમેદવારોએ તેમની સજા પૂર્ણ થયેલ હોય તો સજાના હુકમ ની નકલ આવેદનપત્ર સાથે જોડવાની રહેશે.
6) **<u>અંધ – અપંગ પરીક્ષાર્થીઓ બાબત</u>**: અંધ – અપંગ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ભોયતળીયે કરવાની રહેશે.તથા આવા પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.

7) લહિયા (Writer) :

I. લહિયાની મંજુરી માટે ઉમેદવારે પરીક્ષા શરૂ થવાના ૨ દિવસ પહેલા સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.
II. લહિયાની મંજૂરી માટે ઉમેદવારે આચાર્યશ્રી મારફતે સિવીલ સર્જનના અપંગતાના પ્રમાણપત્ર સાથે સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે.
III. ધો.૧૧ સુધીના કોઈપણ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને લહિયા તરીકે રાખી શકાશે.
IV. અક્સ્માતના સંજોગોમાં તાત્કાલિક લહીયાની આવશ્યકતા ઉભી થાય તો પણ સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવાની રહેશે.
V. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જે લહિયાની મંજૂરી આપવામાં આવેલ હોય તેની નકલ રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલાવવાની રહેશે.
VI. લહિયા પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.

❖ **ડી.એલ.એડ. વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮ નો કાર્યક્રમ**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
ડી.એલ.એડ.પ્રથમ વર્ષ (નવો અભ્યાસક્રમ) પરીક્ષા : એપ્રિલ -૧૮ કાર્યક્રમ

| તારીખ | વાર | સમય | પેપર / કોર્ષ નંબર | વિષય કોડ | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧૬-૪-૧૮ | સોમવાર | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૧( અ) | બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ | ૭૦ |
| | | | ૧( બ) | અધ્યેતા અને મૂલ્યાંકન | |
| ૧૭-૪-૧૮ | મંગળ | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૨( અ) | કેળવણી,સમાજ અભ્યાસક્રમ અને અધ્યેતા | ૭૦ |
| | | | ૨( બ) | ભારતીય શિક્ષણદર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ | |
| ૧૯-૪-૧૮ | ગુરુવાર | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૩ | અભ્યાસક્રમ અને વર્ગવ્યવહાર | ૭૦ |
| ૨૦-૪-૧૮ | શુક્રવાર | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૪( અ) | ગુજરાતીમાં પ્રાવિણ્ય (સજ્જ્તા) | ૭૦ |
| | | | ૪( બ) | અંગ્રેજીમાં પ્રાવિણ્ય (સજ્જ્તા) | |
| ૨૧-૪-૧૮ | શનિવાર | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૫( અ) | # ગુજરાતી (HL) (ધો.૧થી૫) | ૭૦ |
| | | | ૫( બ) | પર્યાવરણ અભ્યાસ (ધો.૧થી૫) | |
| ૨૩-૪-૧૮ | સોમવાર | ૧૫:૦૦થી ૧૮:૦૦ | ૬ | ગણિત (ધો.૧થી૫) | ૭૦ |
| ૨૪-૪-૧૮ | મંગળ | ૧૫:૦૦થી ૧૭:૦૦ | ૭ | માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયનનું સમૃદ્ધિકરણ-૨ | ૫૦ |
| ૨૫-૪-૧૮ | બુધવાર | ૧૫:૦૦થી ૧૭:૦૦ | ૮ | બાળકનું શારીરિક અને સાંવેગિક સ્વાસ્થ્ય અને શિક્ષણ-૨ | ૫૦ |
| ૨૬-૪-૧૮ | ગુરુવાર | ૧૫:૦૦થી ૧૭:૦૦ | ૯ | સર્જનાત્મક નાટકો,લલિતકલાઓ,ક્રાફ્ટ અને મૂલ્યાંકન -૨ | ૫૦ |

**# પરીક્ષાના માધ્યમ મુજબ પેપર / કોર્ષનું નામ**

| કોર્ષ નંબર | માધ્યમ | પેપર /કોર્ષનું નામ |
|---|---|---|
| ૫(અ) | ગુજરાતી | ગુજરાતી(ધો.૧થી૫) |
| ૫(અ) | ઉર્દુ | ઉર્દુ (ધો.૧થી૫) |
| ૫(અ) | મરાઠી | મરાઠી (ધો.૧થી૫) |
| ૫(અ) | હિન્દી | હિન્દી (ધો.૧થી૫) |
| ૫(અ) | અંગ્રેજી | ગુજરાતી(ધો.૧થી૫) |
| ૫(અ) | સિંધી | સિંધી (ધો.૧થી૫) |

| રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર<br>ડી.એલ.એડ.દ્વિતીય વર્ષ (નવો અભ્યાસક્રમ) પરીક્ષા : એપ્રિલ -૧૮ કાર્યક્રમ | | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ | વાર | સમય | પેપર/ કોર્ષ નંબર | વિષય કોર્ષનું નામ | ગુણ |
| ૧૬-૪-૧૮ | સોમ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧( અ) | બોધ (જ્ઞાન)અધ્યયન અને સામાજીક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય | ૭૦ |
| | | | ૧( બ) | સ્વની સમજ તરફ અને શૈક્ષણિક દ્રષ્ટિબિંદુનો વિકાસ | |
| ૧૭-૪-૧૮ | મંગળ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૨( અ) | શાળા સંસ્કૃતિ,નેતુત્વ અને પરિવર્તન | ૭૦ |
| | | | ૨( બ) | વૈવિધ્ય,જાતિ અને સમાવેશી શિક્ષણ | |
| ૧૯-૪-૧૮ | ગુરુ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૩( અ) | # ગુજરાતી **(HL)** (ધો.૬થી૮) | ૭૦ |
| | | | ૩( બ) | અંગ્રેજી **(L L)** (ધો.૬થી૮) | |
| ૨૦-૪-૧૮ | શુક્ર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૪( અ) | ગણિત (ધો.૬થી૮) | ૭૦ |
| | | | ૪( બ) | વિજ્ઞાન અને ટેક્નોલોજી (ધો.૬થી૮) | |
| ૨૧-૪-૧૮ | શનિ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૫( અ) | સામાજિક વિજ્ઞાન (ધો.૬થી૮) | ૭૦ |
| | | | ૫( બ) | હિન્દી-સંસ્કૃત (ધો.૬થી૮) ( હિન્દી માધ્યમ સિવાયના ) *<br>ગુજરાતી-સંસ્કૃત (ધો.૬થી૮) (હિન્દી માધ્યમ માટે) ** | |
| ૨૩-૪-૧૮ | સોમ | ૧૧:૦૦ થી ૧૩:૦૦ | ૬ | માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયન નું સમૃદ્ધિકરણ-૨ | ૫૦ |
| ૨૪-૪-૧૮ | મંગળ | ૧૧:૦૦ થી ૧૩:૦૦ | ૭ | બાળકનું શારીરિક અને સાંવેગિક સ્વાસ્થ્ય અને શિક્ષણ-૨ | ૫૦ |
| ૨૫-૪-૧૮ | બુધ | ૧૧:૦૦ થી ૧૩:૦૦ | ૮ | સર્જનાત્મકનાટકો,લલિત્કલાઓ,ક્રાફ્ટ અને મૂલ્યાંકન -૨ | ૫૦ |

## # પરીક્ષાના માધ્યમ મુજબ પેપર / કોર્ષનું નામ

| કોર્ષ નંબર | માધ્યમ | પેપર/ કોર્ષનું નામ |
|---|---|---|
| 3 (અ) | ગુજરાતી | ગુજરાતી(ધો.૬થી૮) |
| 3 (અ) | ઉર્દુ | ઉર્દુ (ધો.૬થી૮) |
| 3 (અ) | મરાઠી | મરાઠી (ધો.૬થી૮) |
| 3 (અ) | હિન્દી | હિન્દી (ધો.૬થી૮) |
| 3 (અ) | અંગ્રેજી | ગુજરાતી(ધો.૬થી૮) |

* હિન્દી માધ્યમ સિવાયના પરીક્ષાર્થીઓ માટે કોર્ષ નંબર-૫(બ): **હિન્દી-સંસ્કૃત (ધો.૬થી૮)**

** હિન્દી માધ્યમના પરીક્ષાર્થીઓ માટે કોર્ષ નંબર-૫(બ): **ગુજરાતી-સંસ્કૃત (ધો.૬થી૮)**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

ડી.એલ.એડ.દ્વિતીય વર્ષ(જૂના અભ્યાસક્રમ) પરીક્ષા :એપ્રિલ -૧૮ કાર્યક્રમ

| તારીખ | વાર | સમય | પેપર/ કોર્ષ નંબર | વિષયનું નામ | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧૬-૦૪-૧૮ | સોમવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧ | શાળા સંચાલન અને પ્રવર્તમાન પ્રવાહો | ૧૦૦ |
| ૧૭-૦૪-૧૮ | મંગળવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૨ | શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન | ૧૦૦ |
| ૧૯-૦૪-૧૮ | ગુરુવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૩ | ગુજરાતી **(H.L.) #** | ૧૦૦ |
| ૨૦-૦૪-૧૮ | શુક્રવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૪ | ગણિત શિક્ષણ | ૧૦૦ |
| ૨૧-૦૪-૧૮ | શનીવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૫ | સામાજિક વિજ્ઞાન | ૧૦૦ |
| ૨૩-૦૪-૧૮ | સોમવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૮ | **TLM Computer** | ૧૦૦ |
| ૨૪-૦૪-૧૮ | મંગળવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૯ | વિજ્ઞાન અને ટેક્નોલોજી | ૧૦૦ |
| ૨૫-૦૪-૧૮ | બુધવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૭ | અંગ્રેજી **(L.L)** (અંગ્રેજી માધ્યમ સિવાય) | ૧૦૦ |
| | | | ૭ | (૧૫) ગુજરાતી **(L.L.)**(અંગ્રેજી માધ્યમ માટે) | ૧૦૦ |
| ૨૬-૦૪-૧૮ | ગુરુવાર | ૧૧:૦૦ થી ૧૩:૦૦ | ૬ | હિંદી (હિંદી માધ્યમ સિવાય ) * | ૫૦ |
| | | | ૬ | (૧૨) ગુજરાતી **(L.L.)**(હિંદી માધ્યમ માટે) ** | ૫૦ |
| ૨૭-૦૪-૧૮ | શુક્રવાર | ૧૧:૦૦ થી ૧૩:૦૦ | ૧૦ | સંસ્કૃત | ૫૦ |

## # પરીક્ષાના માધ્યમ મુજબ પેપર / કોર્ષનું નામ

| પ્રશ્નપત્ર નંબર | માધ્યમ | પેપર/કોર્ષનું નામ |
|---|---|---|
| 3 | ગુજરાતી | ગુજરાતી(H.L.) |
| 3 | ઉર્દૂ | ઉર્દૂ (H.L.) |
| 3 | मराठी | मराठी (H.L.) |
| 3 | હિન્દી | હિન્દી (H.L.) |
| 3 | અંગ્રેજી | ગુજરાતી(H.L.) |
| 3 | સિંધી | સિંધી (H.L) |

* હિન્દી માધ્યમ સિવાયના પરીક્ષાર્થીઓ માટે કોર્ષ નંબર-૬: **હિંદી**

** હિન્દી માધ્યમના પરીક્ષાર્થીઓ માટે કોર્ષ નંબર-૬: **(૧૨) ગુજરાતી (L.L.)**

➢ ડી.ઇએલ.એડ. પ્રથમ / દ્વિતીય વર્ષ  ૨૦૧૮ બાહ્ય પ્રાયોગિક / લેખિત આંતરીક પરીક્ષાના ગુણાંકન પત્રકો જમા કરાવવાની વિગત

| પરીક્ષા નું નામ (આંતરીક / બાહ્ય ) | પત્રક નંબર | મૂલ્યાંકન કરનાર  પરીક્ષક | આચાર્યશ્રી એ ડાયટમાં જમા કરાવવાની તારીખ | આચાર્યશ્રી એ બોર્ડ મા જમા કરાવવાની તારીખ |
|---|---|---|---|---|
| ટી.એલ.એમ (બાહ્ય) | ૨.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૨.૨ | આંતરિક | - | |
| | ૨.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૨.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | - |
| સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (બાહ્ય) | ૩.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૩.૨ | આંતરિક | - | |
| | ૩.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૩.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | |
| કલા શિક્ષણ (ચિત્રકામ) (બાહ્ય) | ૪.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૪.૨ | આંતરિક | - | |
| | ૪.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૪.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | |
| કલા શિક્ષણ (સંગીત) (બાહ્ય) | ૫.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૫.૨ | આંતરિક | - | |
| | ૫.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૫.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | |
| વાર્ષિક પ્રાયોગિક પાઠ (બાહ્ય) | ૬.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૬.૨ | આંતરિક | - | |
| | ૬.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૬.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | |
| કમ્પ્યુટર પ્રાયોગિક (બાહ્ય) | ૭.૧ | બાહ્ય | - | ૧૪/૨/૧૮ થી ૧૬/૨/૧૮ |
| | ૭.૨ | આંતરિક | - | |
| | ૭.૩ | બાહ્ય + આંતરિક | - | |
| | ૭.૦ | બાહ્ય + આંતરિક | પરીક્ષાના બીજા દિવસે | - |
| | | | | |
| સમૂહજીવન (આંતરીક) | ૧.૧ | અધ્યાપક+આચાર્ય | ૧૨/03/૧૮ | ૧૩/03/૧૮ થી ૧૫/03/૨૦૧૮ (બોર્ડે ફાળવેલ તારીખ મુજબ) |
| | ૧.૦ | આચાર્ય | ૧૨/03/૧૮ | |
| સત્રાંત પરીક્ષાઓ (કોર્સ ૧ થી ૬) અને શાળા ઇન્ટર્નશીપ (કોર્સ ૧૦) (આંતરીક) | ૮ | અધ્યાપક+આચાર્ય | ૧૨-03-૧૮ | |

(પી.એ. જલુ)

સ્થળ: ગાંધીનગર                                                       **અધ્યક્ષ**

તારીખ:૨૧/૧૧/૨૦૧૭                                               **રાજ્ય પરીક્ષા બોર્ડ**

**ગાંધીનગર**

❖ <u>નકલ રવાના અમલાર્થે</u>

(૧) પ્રાચાર્યશ્રી  જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, (તમામ) આપના તાબા હેઠળની તમામ સરકારી/ગ્રાંટેડ/સ્વનિર્ભર અધ્યાપન મંદિર ને જાણ કરવા સારૂ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

(૩) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૪) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

❖ નકલ સાદર રવાના જાણ સારૂ.

(૧)  અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨)  નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

## તાલીમી સંસ્થાઓએ સંસ્થાની પ્રોફાઈલ, સ્ટાફ પ્રોફાઈલ અને ડી.એલ.એડ. અભ્યાસક્રમના તાલીમાર્થીઓના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની પદ્ધતિ દર્શાવતું પરિશિષ્ટ

❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

સૌથી પેહલા સંસ્થાએ INSTITUTE PROFILE (A) અને STAFF PROFILE (B) ફરજીયાત ભરવાનું રહેશે. જેની તારીખો ૨૩/૧૧/૨૦૧૭ થી ૩૦/૧૧/૨૦૧૭ સુધીની જ રહેશે. જે ભરવાથી જ આપને આપની સંસ્થાનો રજીસ્ટ્રેશન નંબર મળશે. જેની મદદથી જ આપની સંસ્થાના વિદ્યાર્થીઓના ઓન લાઈન આવેદન પત્રો ભરી શકાશે.

STEP 1:- www.sebexam.org સાઈટ પર જવું.

STEP 2:- D EL ED EXAM પસંદ કરવી

STEP 3:- કોલેજ કોડ સીલેક્ટ કરવો.

STEP 4:- કોલેજનો સંલગ્નતા નંબર ટાઈપ કરવો.

STEP 5:- INSTITUTE PROFILE (A) ની તમામ વિગતો ફરજિયાત ભરવી.

STEP 6:- STAFF PROFILE (B) ની તમામ વિગતો ફરજિયાત ભરવી.

ઉપરોક્ત તમામ વિગતો ભરીને સબમિટ કરવાથી આપની સંસ્થાનો પાંચ આંકડાનો રજીસ્ટ્રેશન નંબર જનરેટ થશે. જેની મદદ થી જ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરી શકાશે. જેથી રજીસ્ટ્રેશન નંબરની ખાસ નોંધ રાખી તમામ ઓનલાઈન કાર્યવાહી કરતી વખતે તેનો ઉપયોગ કરવો.

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૧/૧૨/૨૦૧૭ (બપોરના ૧૪.૦૦) થી તા.૧૧/૧૨/૨૦૧૭ (સાંજના ૧૬.૦૦ કલાક) દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપરClick કરવું.
- "D.EL.ED -I, D.EL.ED –II પરીક્ષા-૧૮ " સામે Apply On line પર Click કરવું.
- ત્યારબાદ જે પરીક્ષાનું આવેદનપત્ર ભરવાનું હોય (D.EL.ED -I, D.EL.ED –II તેના પર Apply Now પર Click કરવું
- D.EL.ED –II ના વિદ્યાર્થીઓએ એપ્રિલ- ૨૦૧૭ માં આપેલી પરીક્ષા D.EL.ED -I નો બેઠક નંબર એડ કરવાથી આપનું ફોર્મ આપો આપ સ્ક્રિન પર દેખાશે જેને ચકાસીને આગળની વિગતો ભરવી
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- Application Form માં * નિશાની વાળી માહિતી ફરજીયાત ભરવાની રહેશે.
- અરજીફોર્મ ઉમેદવારે ચોકસાઇ પૂર્વકભરવાનું રહેશે.ઉમેદવાર નું નામ ,અટક ,જન્મતારીખ ,જાતિ,પરીક્ષાના વિષયો કે અન્ય કોઇપણ બાબતે પાછળથી રાજય પરીક્ષા બોર્ડ તરફથી કોઇપણ સુધારો કરી આપવામાં આવશે નહી,જેની ખાસ નોંધ લેવી.
- REPEATER (પુનરાવર્તિત) વિદ્યાર્થીના મુક્તિના વિષયો ની પૂરેપૂરી ચકાસણી કરી જે વિષયની પરીક્ષા આપવાની હોય તે વિષય આગળ દર્શાવેલ બોક્સ પર Click કરવાનું રહેશે.

- D.EL.ED - I ના ATKT વિદ્યાર્થીઓએ D.EL.ED - I માં વિષયો ની પૂરેપૂરી ચકાસણી કરી જે વિષયની પરીક્ષા આપવાની હોય તે વિષય આગળ દર્શાવેલ બોક્સ પર Click કરવાનું રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb)સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Applicationપર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો.
- એક્વાર અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- અરજી Confirm થઇ ગયા બાદ ઉમેદવાર નો Confirmation Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- આથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની સ્લીપ ની પ્રિન્ટ કાઢી લેવી. ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં તા.૨૦/૧૧/૨૦૧૭ થી ૧/૧૨/૨૦૧૭ બપોરના ૧૪:૦૦ કલાક સુધીમાં ફી રોકડ થી જમા કરાવવાની રહેશે.
- હવે અરજીપત્રક્ની પ્રિન્ટ પર પરીક્ષાર્થી એ ભરેલી તમામ વિગતો ખરેખર સાચી છે. તેની ખાતરી કરી પરીક્ષાર્થીની સહી લેવી તથા પ્રમાણિત કર્યા બદલ સંસ્થાના પ્રાચાર્યશ્રી / આચાર્યશ્રીએ સહી સિક્કા કરવાના રહેશે.